અરજી દાખલ કર્યા તારીખ :– ૦૨/૦૩/૨૦૨૬
અરજી નોંધ્યા તારીખ :– ૦૨/૦૩/૨૦૨૬
અરજી ફેંસલ કર્યા તારીખ :–૦૬/૦૩/૨૦૨૬
અવધી વર્ષ–૦૦ માસ – ૦૦ દિવસ – ૦૫

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં મું.–ધ્રાંગધ્રા.**

**ફો. પ. અરજી નં. ૫૫/૨૦૨૬**
**આંક:– ૬**

અરજદારો:– ૧) મહેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા,
ઉ.વ.આ. ૪૦, ધંધો–ખેતી,
રહે. રવનાની, તા. રાપર, જી. કચ્છ.
૨) રામદેવસિંહ વિક્રમસિંહ,
ઉ.વ.આ. ૩૭, ધંધો–ખેતી,
રહે. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર.

**–વિરુધ્ધ –**

સામાવાળા:– શ્રી સરકાર

બાબત:– બી.એન.એસ.એલ.ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

અરજદારો/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એ. વી. ભટ્ટ.
સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પી. બી. મકવાણા.

// **ચુ કા દો** //

**૧.** આ કામના આરોપીઓ – ૧) મહેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા, રહે. રવનાની, તા. રાપર, જી. કચ્છ તથા ૨) રામદેવસિંહ વિક્રમસિંહ, રહે. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર નાંઓ વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પાલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૩૦/૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ – ૩૧૮(૪), ૩૩૬, ૩૪૦(૨), ૩૩૮, ૬૧(૨)(૪), ૫૪ મુજબના ગુના નોંધાતા આ કામના આરોપીઓ/અરજદારોની ધરપકડ કરેલી અને આરોપીઓ/અરજદારોને સક્ષમ કોર્ટમાં રજુ કરતા ફો. પ. અ. નં. ૬૪/૨૦૨૬ ની

જામીન મુકત થવા બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૦ મુજબ અરજી કરેલ જે નામદાર ટ્રાયલ કોર્ટે નામંજુર કરી અરજદારો/આરોપીઓને જયુડી. કસ્ટડીમાં મોકલી આપેલા. વધુમાં અરજદાર / આરોપી નં. ૨ નાંએ જણાવેલ છે કે તેઓના બહેન નીતાબેન તે મહેન્દ્રસિંહના પત્ની તે વિક્રમસિંહના પુત્રી ગુજરી ગયેલા છે અને તેઓની જીવા ગામની સીમમાં ખેતીની જમીન આવેલ છે અને તેઓએ વારસાઈ કરાવવાના હેતુથી જે તે વખતે વારસાઈ અરજી આપેલ તે વખતે તેઓનો કોઈ ઈરાદો આવા ખોટા ડોકયુમેન્ટ ઉભા કરવા સંર્દભેનો હતો નહીં, અરજદાર/આરોપી નં. ૧ તે અરજદાર/આરોપી નં. ૨ ના બનેવી થાય છે આ રીતે હાલના અરજદાર/આરોપી નં. ૧ તથા નં. ૨ નાંઓ સગા સાળા–બનેવી થાય છે, હાલના અરજદારોએ ગુજરી ગયેલ નીતાબાની એટલે કે અરજદાર નં. ૧ ના પત્ની અને અરજદાર નં. ૨ ના બહેનની કાયદેસરની વારસાઈ કરાવવા માટે અરજી આપેલી જેમાં હાલના ફરીયાદી નામે – નીતાબા નવલસિંહ મોતિસિંહ રાણાના ખેતર સંર્દભે કોણે ? કેવી રીતે ? અને શું કાર્યવાહી કરેલ છે ? તે અંગે તેઓ કાંઈ જાણતા નથી, આ કામે કહેવાતા ગુનાની ફરીયાદ મુજબ જોતા ગુનો બન્યા તા. ૧૯/૦૪/૨૦૨૫ દર્શાવેલ છે અને ગુનો જાહેર થયા તા. ૨૩/૦૨/૨૦૨૬ દર્શાવેલ છે આમ આ આખી પ્રક્રિયા આશરે ૧૦–૧૨ મહિના ચાલેલાનું અભિપ્રેત થાય છે. વધુમાં એમ પણ જણાવેલ છે કે હાલના ગુનાની ફરીયાદની કલમો જોતા ખોટો દસ્તાવેજ બનાવવો, ખોટા પુરાવા ઉભા કરવા અને ખોટી રીતે તબદીલી કરવા સંર્દભેની કલમો લગાવેલી છે તેવા સંજોગોમાં આવા ખોટા દસ્તાવેજ બનાવનાર, ખોટા પુરાવા ઉભા કરનાર, ખોટી બદદાનતથી ઠગાઈ કરવાનો ઈરાદો રાખનાર અને ખોટા દસ્તાવેજો બનાવનાર વ્યકિતઓ બધુ કૃત્ય ખોટા ઈરાદાથી કરે તો આવુ ખેતર એટલે કે ફરીયાદ હકીકત મુજબ જીવા ગામનું સર્વે નં. ૯૨૯ (જુનો સર્વે નં. ૨૧૦) વાળુ ખેતર તાત્કાલીક અસરથી વેચીને નાણા ઉભા કરી લે કારણ કે આવી ખોટી વારસાઈ નોંધ પડાવી આવા ખેતરનો તાત્કાલીક વેચાણ ધ્વારા નિકાલ કરી–કરાવી રોકડા નાણા મેળવવા માટે આવુ કપટડી કૃત્ય કરવામાં આવેલુ હોઈ શકે તેમ માનવાને કારણ છે જયારે હાલના કિસ્સામાં સર્વે નં. ૯૨૯ વાળુ ખેતર તેઓએ કોઈને વેચાણ, ગીરો કે બક્ષીસ ધ્વારા હસ્તાંતર કરેલ નથી અને હાલમાં પણ મુળ ફરીયાદીના ખાતે સદરહુ ખેતીની જમીન ચાલુ છે. વધુમાં અરજદાર નં. ૧ નાએ જણાવેલ છે કે તેઓ બીપી, ડાયાબીટીસની બિમારીથી પીડાય છે અને તેની દવા અંજાર (કચ્છ) મુકામે પુર્ણા નરસીંગ એન્ડ ડાયગ્નોસીસ હોમમાં ચાલુ છે જે મતલબના સારવારના પેપર્સ સામેલ રાખેલ છે જે હકીકત લક્ષમાં લેવા અરજ છે. નામદાર કોર્ટ ધ્વારા જામીન મુકત કરતો હુકમ કર્યેથી તેઓ

કોઈ સાક્ષી – સાહેદોને ડરાવશે કે ધમકાવશે નહીં તેમજ તપાસનીશ અમલદારશ્રીને તપાસના કામે પુરતો સાથ સહકાર આપશે તેવું વચન આપે છે તેમજ અરજદાર/આરોપીઓ બાલ–બચ્ચા વાળા માણસો હોઈ અને કુટુંબની જવાબદારી તેઓના પર રહેલ છે તેમ જણાવી યોગ્ય રકમના યોગ્ય શરતો ફરમાવી જામીન પર મુકત કરતો આદેશ ફરમાવવા અરજ કરેલ છે.

૨. આરોપીઓ/અરજદારોની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા વિધ્વાન એ.પી. પી. શ્રી પી. બી. મકવાણા હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની એફિડેવીટ આંક–૦૫ થી રજુ કરી આરોપીઓ/ અરજદારોની રેગ્યુલર જામીન અરજી ના –મંજુર કરવા માંગણી કરેલી છે.

૩. આરોપીઓ/અરજદારો તરફે વિધ્વાન વકીલશ્રી એ. વી. ભટ્ટ તથા ફરીયાદ પક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી પી. બી. મકવાણા ની દલીલો સાંભળવામાં આવી.

૪. આરોપીઓ/અરજદારો તરફે વિધ્વાન વકીલશ્રી એ. વી. ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, આ કામના આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ – ૩૧૮(૪), ૩૩૬, ૩૪૦(૨), ૩૩૮, ૬૧(૨)(૪), ૫૪ મુજબના ગુનાના આક્ષેપો છે, અરજદાર/આરોપી નં. ૨ ના બહેન નીતાબેન તે મહેન્દ્રસિંહના પત્ની તે વિક્રમસિંહના પુત્રી ગુજરી ગયેલા છે અને તેઓની જીવા ગામની સીમમાં ખેતીની જમીન આવેલ છે અને તેઓએ વારસાઈ કરાવવાના હેતુથી જે તે વખતે વારસાઈ અરજી આપેલ તે વખતે તેઓનો કોઈ ઈરાદો આવા ખોટા ડોકયુમેન્ટ ઉભા કરવા સંર્દભેનો હતો નહીં, અરજદાર/આરોપી નં. ૧ તે અરજદાર/આરોપી નં. ૨ ના બનેવી થાય છે આ રીતે હાલના અરજદાર/આરોપી નં. ૧ તથા નં. ૨ નાંઓ સગા સાળા–બનેવી થાય છે, હાલના અરજદારોએ ગુજરી ગયેલ નીતાબાની એટલે કે અરજદાર નં. ૧ ના પત્ની અને અરજદાર નં. ૨ ના બહેનની કાયદેસરની વારસાઈ કરાવવા માટે અરજી આપેલી જેમાં હાલના ફરીયાદી નામે – નીતાબા નવલસિંહ મોતિસિંહ રાણાના ખેતર સંર્દભે કોણે ? કેવી રીતે ? અને શું કાર્યવાહી કરેલ છે ? તે અંગે તેઓ કાંઈ જાણતા નથી, આ કામે કહેવાતા ગુનાની ફરીયાદ મુજબ જોતા ગુનો બન્યા તા. ૧૯/૦૪/૨૦૨૫ દર્શાવેલ છે અને ગુનો જાહેર થયા તા. ૨૩/૦૨/૨૦૨૬ દર્શાવેલ છે આમ આ આખી પ્રક્રિયા આશરે ૧૦–૧૨

મહિના ચાલેલાનું અભિપ્રેત થાય છે. વધુમાં એવી પણ દલીલ કરી છે કે હાલના ગુનાની ફરીયાદની કલમો જોતા ખોટો દસ્તાવેજ બનાવવો, ખોટા પુરાવા ઉભા કરવા અને ખોટી રીતે તબદીલી કરવા સંર્દભેની કલમો લગાવેલી છે તેવા સંજોગોમાં આવા ખોટા દસ્તાવેજ બનાવનાર, ખોટા પુરાવા ઉભા કરનાર, ખોટી બદદાનતથી ઠગાઈ કરવાનો ઈરાદો રાખનાર અને ખોટા દસ્તાવેજો બનાવનાર વ્યકિતઓ બધુ કૃત્ય ખોટા ઈરાદાથી કરે તો આવુ ખેતર એટલે કે ફરીયાદ હકીકત મુજબ જીવા ગામનું સર્વે નં. ૯૨૯ (જુનો સર્વે નં. ૨૧૦) વાળુ ખેતર તાત્કાલીક અસરથી વેચીને નાણા ઉભા કરી લે કારણ કે આવી ખોટી વારસાઈ નોંધ પડાવી આવા ખેતરનો તાત્કાલીક વેચાણ દ્વારા નિકાલ કરી–કરાવી રોકડા નાણા મેળવવા માટે આવુ કપટી કૃત્ય કરવામાં આવેલુ હોઈ શકે તેમ માનવાને કારણ છે જયારે હાલના કિસ્સામાં સર્વે નં. ૯૨૯ વાળુ ખેતર તેઓએ કોઈને વેચાણ, ગીરો કે બક્ષીસ દ્વારા હસ્તાંતર કરેલ નથી અને હાલમાં પણ મુળ ફરીયાદીના ખાતે સદરહુ ખેતીની જમીન ચાલુ છે. અરજદાર નં. ૧ બીપી, ડાયાબીટીસની બિમારીથી પીડાય છે અને તેની દવા અંજાર (કચ્છ) મુકામે પુર્ણા નરસીંગ એન્ડ ડાયગ્નોસીસ હોમમાં ચાલુ છે, નામદાર કોર્ટ દ્વારા અરજદારો/આરોપીઓ ને જામીન મુકત કરતો હુકમ કર્યે તેઓ કોઈ સાક્ષી – સાહેદોને ડરાવશે કે ધમકાવશે નહીં તેમજ તપાસનીશ અમલદારશ્રીને તપાસના કામે પુરતો સાથ સહકાર આપશે તેવું વચન અને ખાતી આપે છે તેમજ બાલ–બચ્ચા વાળા માણસો હોઈ અને કુટુંબની જવાબદારી તેઓના પર છે તેથી યોગ્ય રકમના યોગ્ય શરતો ફરમાવી જામીન પર મુકત કરતો હુકમ કરવા રજુઆત કરેલ છે.

**૫.** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી પી. બી. મકવાણા દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, હાલના આરોપીઓ સામે ધ્રાંગધ્રા તાલુકા પાલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૩૦/૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ – ૩૧૮(૪), ૩૩૬, ૩૪૦(૨), ૩૩૮, ૬૧(૨)(૪), ૫૪ મુજબના ગંભીર ગુનાની નામ જોગ ફરીયાદ દાખલ થયેલ છે અને હાલના આરોપીઓ/અરજદારોને એફ.આઈ.આર. માં આરોપીઓ તરીકે દર્શાવેલા છે, આ કામના હાલના આરોપીઓ/અરજદારોએ આ કામના ફરીયાદીના સ્વતંત્ર માલિકીની જીવા ગામની સીમમાં આવેલ સર્વે નં. ૯૨૯ જેના ખાતા નં. ૭૦૭ કે જે જાગાસરનું ખેતર તરીકે ઓળખાય છે તે જમીન ફરીયાદીની વડીલોપાર્જીત હોય અને પોતે સીધીલીટીના વારસદાર અને હાલમાં પોતે માલિક હોય તે જમીનમાં ફરીયાદી હૈયાત હોવા છતા મૃત બતાવી વારસાઈ અંગેની નોંધ પડાવવા માટે આરોપી નં. ૧ નાંએ રવનાની ગ્રામ પંચાયત કચેરી ખાતેથી મરણ અંગેનો દાખલ

કઢાવી વારસાઈ અંગેનુ પેઢીનામુ બનાવી તથા આરોપીઓએ સાથે મળી ફરીયાદીને મૃત બતાવી અન્ય મરણ ગયેલ વ્યકિતના મરણ દાખલાનો ઉપયોગ કરી વારસાઈ અંગેનુ ખોટુ સોગંદનામુ બનાવી એસ. ડી.એમ. કચેરી–ધ્રાંગધ્રા ખાતે સદરહુ દસ્તાવેજ ખોટા હોવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદીની સ્વતંત્ર માલિકીની જમીન પચાવી પાડવાના બદઈરાદાથી જીવા ગામની સીમ સર્વે નંબર – ૯૨૯ વાળી જમીનમાં વારસાઈ અંગેની કાચી નોંધ નં. ૫૭૭૮ પડાવી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનાઓ કરેલ છે. આમ, હાલના આરોપીઓ/અરજદારોની સદર ગુનામાં સક્રિય ભુમીકા રહેલી છે. વધુમાં આ કામના આરોપીઓ/અરજદારોને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદ પક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા કરે તેમ છે, આવી ગુનાહિત પ્રવૃત્તિ ઓને વેગ મળશે અને તેની સમાજમાં અવળી અસર થશે તેમજ નાસી–ભાગી જાય તેમ છે, તપાસ હાલ ચાલુ છે જેથી હાલના આરોપીઓ/અરજદારોની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા દલીલ કરી છે.

૬. બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક–૦૫ ની એફિડેવીટ તથા અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધી. આ કામે કેસ પેપર્સ ધ્યાને લેતા હાલના આરોપીઓ સામે ધ્રાંગધ્રા તાલુકા પાલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૩૦/૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ – ૩૧૮(૪), ૩૩૬, ૩૪૦(૨), ૩૩૮, ૬૧ (૨)(૪), ૫૪ મુજબના ગંભીર ગુનાની નામ જોગ ફરીયાદ દાખલ થયેલ છે અને હાલના આરોપીઓ /અરજદારોને એફ.આઈ.આર. માં આરોપીઓ તરીકે દર્શાવેલા છે, આ કામના હાલના આરોપીઓ /અરજદારોએ આ કામના ફરીયાદીના સ્વતંત્ર માલિકીની જીવા ગામની સીમમાં આવેલ સર્વે નં. ૯૨૯ જેના ખાતા નં. ૭૦૭ કે જે જાગાસરનું ખેતર તરીકે ઓળખાય છે તે જમીન ફરીયાદીની વડીલોપાર્જીત હોય અને પોતે સીધીલીટીના વારસદાર અને હાલમાં પોતે માલિક હોય તે જમીનમાં ફરીયાદી હયાત હોવા છતા મૃત બતાવી વારસાઈ અંગેની નોંધ પડાવવા માટે આરોપી નં. ૧ નાંએ રવનાની ગ્રામ – પંચાયત કચેરી ખાતેથી મરણ અંગેનો દાખલો કઢાવી, વારસાઈ અંગેનુ પેઢીનામુ બનાવી તથા આરોપીઓએ સાથે મળી ફરીયાદીને મૃત બતાવી અન્ય મરણ ગયેલ વ્યકિતના મરણ દાખલાનો ઉપયોગ કરી વારસાઈ અંગેનુ ખોટુ સોગંદનામુ બનાવી એસ.ડી.એમ. કચેરી–ધ્રાંગધ્રા ખાતે સદરહુ દસ્તાવેજ ખોટા હોવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદીની સ્વતંત્ર માલિકીની જમીન પચાવી

પાડવાના બદઈરાદાથી જીવા ગામની સીમ સર્વે નંબર – ૯૨૯ વાળી જમીનમાં વારસાઈ અંગેની કાચી નોંધ નં. ૫૭૭૮ પડાવી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનાઓ કરેલ છે. આમ, હાલના આરોપીઓ/અરજદારો પૈકી અરજદાર નં. ૧ નાંઓની સદર ગુનાના કામે સક્રિય ભુમીકા રહેલી છે ત્યારે સદરહુ અરજદાર સામેના ગુનાહીત આક્ષેપ સંબંધેની હકીકતોને હળવાશથી લઈ શકાય નહીં તેમજ દિનપ્રતિદિન આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ પણ વધતુ જાય છે ત્યારે જો અરજદાર નં. ૧ ને જામીન પર મુકત કરવામાં આવે તો આ પ્રકારના ગુનાઓને પ્રોત્સાહન મળે તેમ છે ત્યારે સદરહુ અરજદાર નં. ૧ નો ગુના સંબંધેનો રોલ, ગુનાનો પ્રકાર જોતાં તેમજ સદરહુ ગુનાની તપાસ હાલમાં ચાલુ છે ત્યારે ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતાં બી. એન. એસ. એસ. ની કલમ – ૪૮૩ અન્વયે મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી આરોપીઓ/અરજદારો પૈકી આરોપી/અરજદાર નં. ૧ નાં ઓને જામીન મુકત કરવાનુ ન્યાયોચીત જણાતુ નથી. વધુમાં અગાઉ ઉપર જણાવ્યુ તે પ્રમાણે આક્ષેપીત ગુનાની હકીકતો સંબંધે અરજદાર/આરોપી નં. ૨ નાંઓનો હાલના ગુનાના કામે રોલ ધ્યાને લેતાં માત્ર સદરહું આરોપી નં. ૨ સામે અન્ય ગુના નોંધાયેલ હોવાની હકીકતોને ધ્યાને લઈ તેઓને જામીન મુકત ન કરવાનુ ન્યાયોચીત જણાતુ નથી. આમ, ઉપરોકત સમગ્ર હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના આ સંબંધેના ચૂકાદાઓમાં સુસ્થાપીત થયેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં આરોપીઓ/અરજદારોની હાલની આ રેગ્યુલર જામીન અરજી અરજદાર/આરોપી નં. ૧ પુરતી નામંજુર કરતો તેમજ અરજદાર/આરોપી નં. ૨ પુરતી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

// **હુ ક મ** //

**૧.** આરોપી/અરજદાર – મહેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા, રહે. રવનાની, તા. રાપર, જી. કચ્છ નાંઓની બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

**૨.** આરોપી/અરજદાર – રામદેવસિંહ વિક્રમસિંહ, રહે. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર નાંઓની બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી સદરહુ આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાના ) સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો** ::–

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈપણ રીતે ચેડા કરવા નહીં કે સાહેદોને ધાકધમકી આપવી નહીં કે આવા પ્રકારના ગુનાનું પુનરાવર્તન કરવું નહીં.

૨. અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમતિ સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેવાનું રહેશે.

૩. અરજદાર/આરોપીએ આ અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં તથા જો આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

૪. અરજદાર/આરોપીએ તેઓનું રહેણાંકનું પાકુ સરનામુ સરકારી આધાર પુરાવા સાથે રજુ કરવુ તેમજ તેમા આ અદાલતની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહીં.

૫. અરજદાર/આરોપીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં દર અંગ્રેજી મહીનાની ૧લી અને ૧૫મી તારીખે સવારના ૧૦/૦૦ થી બપોરના ૦૨/૦૦ દરમ્યાન નિયમિત હુકમ તારીખથી છ માસ સુધી હાજરી પુરાવવી.

૬. અરજદાર/આરોપી ધ્વારા ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલા ગણાશે.

૭. સદર હુકમની જરૂરી યાદી ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજરોજ તા. ૦૬ઠ્ઠી માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/– એમ.પી.ચૌધરી
( મુકેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી )
યુ.આઈ.સી. જીજે ૦૦૬૫૩,
ત્રીજા એડી. સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.

તા. ૦૬/૦૩/૨૦૨૬.
મું. ધ્રાંગધ્રા.

VV THAKKAR